Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

# JAIN DHARAMA PRAKASH.

પુસ્તક ૬ ઠું. ચૈતર શુદિ. ૧૫ સંવત. ૧૯૪૬ અંક. ૧ લો.

मालिनीवृत्तम्.

प्रशम रस निमग्नं, दृष्टि युग्मं प्रसन्नं;
वदन कमल संक्र, कामिनी संग शून्यः;
कर युग मपि यत्ते, शस्त्र संबंधि वंध्यः;
तदसि जगति देवो, वितराग स्त्वमेव ॥ १ ॥

प्रगट कर्त्ता.

श्री जैनधर्मप्रसारक सभा

ભાવનગર.

अमदावादमां.

"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
શા૦ નથુભાઈ રતનચંદે છાપી પ્રસિદ્ધ કર્યું.

શક ૧૮૧૧. અને ૧૮-૯૦

મૂલ્ય વર્ષ ૧ નો રૂ૧-૦-૦ અગાઉથી પોસ્ટેજ રૂ૦-૩-૦ જાુદુ
છુટક અંક એકના રૂ ૦-૨-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ૧ શ્રી જિનેંદ્રસ્તુતિ (પદ્યમાં) | ૧ |
| ૨ નવું વર્ષ. | ૨ |
| ૩ સમવસરણ. | ૩ |
| ૪ અન્યત્વભાવના. | ૮ |
| ૫ અમરદત્ત અને મિત્રાનંદ. | ૧૩ |
| ૬ મુનિરાજ શ્રી હર્ષવિજયજીનો સ્વર્ગવાસ. | ૧૬ |
| ૭ એક સભાસદની પંચત્વ પ્રાપ્તિ (મગનલાલ પાનાચંદ) | ૧૬ |


## ખાસ સૂચના.

જ્ઞાનનું બહુ માન જ્ઞાનાવરણી કર્મનો ક્ષય કરે છે અને જ્ઞાનની આસાતનાથી જ્ઞાનાવરણી કર્મ બંધાય છે માટે ચોપાનીઆને રખડતું ન મેલતાં ઊંચે આસને મુકવું અને આદ્યંત લક્ષપૂર્વક વાંચી યથાશક્તિ ધર્મકાર્યમાં પ્રવર્ત્તવું.

---

## ગ્રાહકોને ભેટ.

# रतिसार कुमारनुं चरित्र.

જે ગ્રાહકો તરફથી લવાજમ મળેલું છે તેમને સદરહુ ભેટની બુકો મોકલાવી દીધી છે. જે ગ્રાહકોએ તેનું પોસ્ટેજ મોકલ્યું ન હોય તેમણે એક ટીકીટ મોકલીને બુક મંગાવી લેવી. અદ્યાપિ પર્યંત લવાજમ મોકલાવવાની આળસ કરનાર ગ્રાહકો પણ આ ચાલુ થયેલા વર્ષના લવાજમ સાથે એક ટીકીટ વધારે મોકલશે તો હજી એક માસ પર્યંત સદરહુ બુકનો લાભ આપશું.

ખરિદ કરવા ઇચ્છનારે દરેક બુકના ચાર આના મોકલવા. પરદેશવાળાને પોસ્ટેજ માફ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

## JAIN DARMA PRAKASH.

દોહરો.

ઘંટા નાદ વગાડતાં, ખરરર થાય આકાશ;
તેમ ભૂતળ ગર્જાવતું, પ્રગટયું જૈનપ્રકાશ. ૧

પુસ્તક ૬ ઠું. શક ૧૮૧૨. ચૈતર શુદિ ૧૫. સંવત ૧૯૪૬ અંક ૧

### श्री जैनधर्मोजयतितराम्.

## जिनेंद्रस्तुति.

(સ્ત્રગ્ધરા.)

પ્રારંભે વર્ષ છઠ્ઠે પરમ પ્રભુતણા પ્રેમથી પાય વંદું,
રૂડી રીતે સુધારી પ્રતિ દિન ચડતું તેજ દ્યો દીન બંધુ;
ભક્તો ભાવે નમે છે શુભકર શુભકરો શુદ્ધ બુદ્ધિ વધારી,
આ વર્ષે શાંતિ સ્થાપો સુખદ શીવકરા સ્વામિ શ્રી નિર્વિકારી. ૧
તારી ભારી કૃપાથી અચળ સુખવડે સર્વ કામો સધાયે,
તારી દૃષ્ટિ દયાથી જગત જય મળે ચિંતવ્યું સદ્ય થાયે;
આપો એવી સુશક્તિ ફરજ બજવવા વિનતિને સ્વિકારી,
આ વર્ષે શાંતિ સ્થાપો સુખદ શીવકરા સ્વામિ શ્રી નિર્વિકારી. ૨
માયાળું છો દયાળું જનમ મરણના દુઃખને કાપનારા,
આધિવ્યાધિ વિદારો જન તન મનના તાપને ટાળનારા,
વિદ્યા વૃદ્ધિ કરોને અતુલ સુખ ભરો વીત્ત ભંડાર ભારી,
આ વર્ષે શાંતિ સ્થાપો સુખદ શીવકરા સ્વામિ શ્રી નિર્વિકારી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# नवुंवर्ष

અષ્ટોત્તર ગુણ સંયુકત શ્રીપંચપરમેષ્ટીને નમસ્કાર કરીને તેમજ ભવ સમુદ્રનો પાર ઉતારવા જહાજ સમાન શ્રીજિણવાણીને પ્રણામ કરીને છઠ્ઠા વર્ષના પ્રારંભમાં કિંચિત પાછલા વર્ષનું પુનરાવલોકન કરીએ છીએ.

ગત વર્ષમાં પૃથક્ પૃથક્ ૩૩ વિષયોનો લાભ ગ્રાહક વર્ગને આપેલો છે. જેમાં પ્રશ્નોત્તરના વિષયોએ બતાવી આપ્યું છે કે યુરોપીયનો પણ જૈન શાસ્ત્ર માંહેના ખુલાસા મેળવવા કેવી ઊત્કંઠા ધરાવે છે અને જૈન મુની મંડળમાં ગ્નાન ગુણેકરીને મુખ્ય ગણાતા શ્રીમન્મુનિરાજમહારાજ શ્રી આત્મારામજી ( આનંદ વિજયજી ) એ તેના પ્રશ્નોના કેવા વાસ્તવિક ઉત્તરો આપેલા છે. એ વિષય શિવાય મુનિરાજ શ્રીશાંતિવિજયજી તરફથી લખાઈ આવેલા વિષયો એ પણ ગ્રાહક વર્ગનું સારી રીતે મનરંજન કરેલું છે. સુભદ્રા અને સુરસુંદરી વિગેરેના કથારૂપ વિષયોએ કથા પ્રીયગ્રાહકોને સારી રીતે રીઝવ્યા છે તે શિવાય પ્રતિક્રમણાદિ વિષયો પણ જૈનવર્ગને માટે બહુજ ઉપયોગી દાખલ થયેલા છે. એ સંબંધી વિશેષ વિસ્તાર ન જણાવતાં પાછલા વર્ષનું એકત્ર થયેલું પુસ્તક ગ્રાહકો સ્વયમેવજ દૃષ્ટિગત કરશે તો તેથી તેનું ઉપયોગીપણું અને તેને માટે થયેલો પ્રાયાસ સ્વયમેવજ તેમના લક્ષમાં આવશે.

હવે નવા વર્ષને માટે પણ જેમ દરેક વર્ષમાં વિશેષ વિશેષ ઉપયોગીપણું બતાવી આપેલું છે. તેવુંજ બતાવી આપવામાં આવશે. પ્રશ્નોત્તરનો વિષયપણ હજુ ચાલુ રહેશે. સુરસુંદરી અને અમરદત્ત મિત્રાનંદની કથાના વિષય પૂરા કરવામાં આવશે, તે સાથે બીજા પણ નવા નવા આશ્ચર્ય કારક કથા સંબંધી વિષયો દાખલ કરવામાં આવશે, પ્રતિક્રમણ સંબંધી યથાનુક્રમે દરેક સૂત્રો કહેવાના હેતુ દર્શિત કરનાર **પ્રતિક્રમણ હેતુ ગર્ભ** ગ્રંથમાંથી ભાષાંતર દાખલ કરીને પ્રતિક્રમણ સંબંધી ક્રિયાની સારી રીતે પુષ્ટી કરવામાં આવશે તેમજ બીજા પણ અનેક ઉપયોગી વિષયો દાખલ કરીને ગ્રાહક વર્ગને પરિપૂર્ણ રીતે લાભ આપવાને પ્રયત્ન કરીશું.

સુજ્ઞ મહાશયો! આજે મને પાંચમું વર્ષ પુરૂં થઈને છઠું વર્ષ બેસેછે. આજનો દિવસ શ્રીસિદ્ધાચળજીની યાત્રાનો તેમજ તપસ્યાદિ ક્રિયાને માટે પાંચક્રોડગણું ફળ આપનારો છે તેમજ આપણી જૈન રીતી પ્રમાણેના વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્ષનો પ્રારંભ કરનાર છે. એવા અત્યુત્તમ દિવસે મને શોભા આપવા માટે સારા સારા વિષયો લખી મોકલનારને તેમજ ગ્રાહક તરીકે આશ્રય આપનાર સુજ્ઞ સજ્જનોને શુદ્ધ મનથીજ અભિનંદન આપીને આ નવા વર્ષના પ્રારંભમાં પૂર્વ પ્રમાણેજ આશ્રયની અભિલષા -હૃદયમાં ધારણ કરવા સાથે આશ્રય આપનાર સજ્જનોને તેવાજ પ્રકારની પ્રાર્થના કરીને પ્રારંભમાં મહામાં ગળી ક્યાર્થે શ્રીતીર્થંકર ભગવંતને ઘાતી કર્મના ક્ષયથી ઉત્પન્ન થતા કેવળજ્ઞાનના મહોચ્છવ નિમિત્તે ચાર પ્રકારના દેવો મળીને સમવસરણની જે અપૂર્વ રચના કરે છે તેના સવિસ્તર વૃતાંત રૂપ **સમવસરણ સ્તોત્રની** ટીકાને આધારે **સમવસરણ** નામનો વિષય લખીને સમવસરણમાં બીરાજી જિનેશ્વર ભગવંતે કરેલા ઉપદેશામૃતનું શાસ્ત્રાંતર્ગતથી યત્કિંચિત્ ગ્રહણ કરીને ગ્રાહકગણને તેનો લાભ આપવાની ઉત્કંઠા ધરાવીએ છીએ અને છેવટે પુનઃપંચ પરમેષ્ટીને પ્રણામ કરી વાંચક વર્ગને જયજિનેંદ્ર કરીએ છીએ તે સાથે ઈચ્છીએ છીએ કે દિવસાનું દિવસ જૈનધર્મની વિશેષ ઉન્નત્તિ થાઓ અને દેશો દેશમાં જયવંત થઈને પ્રસાર પામો !!!

તથાસ્તુ.

# समवसरण.

પૂર્વ ભવે વીશસ્થાનક માંહેતું એક અથવા વિશેષ સ્થાનક સેવન કરવાથી જેમણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરેલું હોય છે તેમને ચરમ ભવને વિષે જ્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તીર્થંકર ભગવંતના તે મજ જ્ઞાનના બહુમાનને અર્થે ચાર નિકાયના દેવતાઓ મળીને **સમવસરણની** રચના કરે છે તેનું વર્ણન સમવસરણ સ્તોત્રની વૃત્તિને અનુસારે કિંચિત લખ્યું છે.

સમવસરણ બે પ્રકારના સમચોરસ અને ગોળ હોય છે. તે બંનેનું પ્રમાણ એક યોજન એટલે ચાર ગાઉનું લંબાઇ તથા પોહોળાઈમાં હોય છે. પરંતુ તેના-દરેક ગઢનું અંતર તેમજ ગઢનું પ્રમાણ જુદા પ્રકારનું હોય છે. દરેક સમવસરણને ત્રણ ગઢ હોય છે.

પ્રથમનો અભ્યંતર ગઢ રત્નમય, મણીના કાંગરાવાળો વૈમાનીક દેવો કરે છે. બીજો મધ્યગઢ સુવર્ણમય, રત્નના કાંગરાવાળો જ્યોતિષના દેવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે અને ત્રીજો બાહ્યગઢ રૂપ્યમય, સુવર્ણના કાંગરાવાળો ભુવનપતિના દેવો કરે છે.

પ્રારંભમાં એક યોજન પ્રમાણ પૃથ્વી વાયુકુમારના દેવો શુદ્ધ કરે છે. ત્યાર પછી મેઘકુમારના દેવો સુરભિજળ વરસાવે છે અને ષટ્ઋતુના અધિષ્ટાયક વ્યંતરનિકાયના દેવતાઓ જળથળના ઉપજેલા પુષ્પો જેના વૃંત અધો ભાગે રહેલા હોય છે તેવી રીતે વરસાવે છે તેમજ મણી રત્ન અને કુંચન મય પૃથ્વી તળ વ્યંતર દેવો વિરચે છે.

વાટલા ( ગોળ ) સમવસરણના દરેક ગઢ ૩૩ ધનુષ્ય અને ૪૨ આંગુળ પહોળા હોય છે અને પહેલા બીજા તથા બીજા ત્રીજા ગઢનું અંતર બને પાસાનું મળીને એક ગાઉ અને છશેં ધનુષ્યનું હોય છે. અર્થાત્ એક પાસાનું અંતર ૧૩૦૦ ધનુષ્યનું હોય છે. ત્રીજા અભ્યંતરગઢનો મધ્યભાગ એકગાઉ અને ૬૦૦ ધનુષ્ય હોય છે. એ પ્રમાણે એકત્ર કરતાં બે પાસે થઈને ૬ ગઢનું પ્રમાણ ૨૦૦ ધનુષ્ય અને અંતર ૩ ગાઉ અને ૧૮૦૦ ધનુષ્ય કુલ મળીને ૪ ગાઉ અર્થાત્ એક યોજન* થાય છે. પ્રથમના બાહ્યગઢની બહારના દશ હજાર પગથીઆંઓ એક યોજનમાં ગણવાના નથી. દરેક ગઢ ૫૦૦ ધનુષ્ય ઊંચા હોય છે.

ચોરસ સમવસરણના દરેકગઢનું પહોળપણું ૧૦૦ ધનુષ્ય હોય છે. પરંતુ બાહ્યગઢનું પ્રહોળપણું ચાર ગાઉમાં ગણવાનું નથી એટલે બે ગઢના ચાર પાશાના ૪૦૦ ધનુષ્ય ગણવા. પેહેલા અને બીજા ગઢનું પણ પાસાનું મળીને દોઢ કોશનું અંતર છે અને બીજા ત્રીજા ગઢનું બે પાસાનું મળીને એક કોશનું અંતર છે. ત્રીજા ગઢનો મધ્યભાગ એક ગાઉ અને ૬૦૦ ધનુષ્ય હોય છે એટલે સર્વ મળીને ચારગાઉ થઈ રહે છે.

પહોળા અને ઊંચા એક હાથ પ્રમાણના દશ હજાર પગથીઆં પ્રથમ ગઢને હોય છે એટલે જમીનથી એટલો ઉંચો પહેલો ગઢ છે, ત્યાર પછી પચાશ ધનુષ્યનું પ્રતર અર્થાત્ સમ ભૂમિ હોય છે અને ત્યાર પછી વળી પાંચહજાર પગથીઆં એજ પ્રમાણના આવે છે. પછી બીજો ગઢ આવે છે ત્યાં પણ પચાશ ધનુષ્ય સમભૂમિકા છે અને ત્યાર પછી પાછાં પાંચ હજાર

* ૨૪ આંગુળનો એક હાથ, ચાર હાથનું એક ધનુષ્ય, બે હજાર ધનુષ્યનો એક ગાઉ અને ચાર ગાઉનું યોજન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પગથીઆં છે. પછી ત્રીજે ગઢ આવે છે એ પ્રમાણે ત્રીજાગઢના મધ્યભાગની જમીન ભૂમિતળથી વીશ હજાર હાથ અર્થાત્ અઢી ગાઉ ઉંચી હોય છે.

ત્રીજા ગઢના મધ્યમાં ત્રણ પગથીઆંવાળી, બશે ધનુષ્ય લાંબી પહોળી અને ભગવંતના શરિર પ્રમાણ ઉંચી મણી પીઠીકા હોય છે. દરેકગઢને રત્નમય ચાર ચાર દ્વાર હોય છે. અને દરેક દ્વારે ધ્વજ, છત્ર, મકરમુખ, માંગળીક, પાંચાળી, પુષ્પમાળા અને પુર્ણ કળશ સ્થાપન કરેલા હોય છે, તેમજ મણીમય તોરણના તીક તથા ધુપઘટીએ પણ દ્વારે દ્વારે હોય છે અને તે સર્વે વાણ વ્યંતરના દેવતાઓ કરે છે.

મધ્યની પીઠીકાના મધ્ય ભાગમાં ભગવંતના શરિરથી બારગણું ઉંચુ અને એક યોજન ઉપરાંત પહોળું અશોક વૃક્ષ હોય છે.* અને તે અશોક વૃક્ષની નીચે વૃક્ષમુળની ચાર બાજુ ચાર સિંહાસન અને ચાર પાદપીઠ હોય છે. તે સિંહાસનની ઉપર ચાર છત્રના ત્રીક અને દરેક સિંહાસનની બંને બાજુ એકેક એમ આઠ ચામર ધારક હોય છે.

બાહ્યગઢના સુવર્ણમય કાંગરાની ઉપર સ્ફટીક રત્નના ચાર ધર્મ ચક્ર હોય છે અને ગઢની બહાર ચારે દીશાએ એક હજાર જોજનના દંડવાળા ચાર ધર્મ ધ્વજ અનેક પ્રકારના ગજ સિંહાદિ લક્ષણ યુક્ત તેમજ નાની મોટી ધ્વજાઓવાળા હોય છે.

પ્રથમગઢમાં ચારે વિદિશાએ બાર પર્ષદા અને બીજા ગઢમાં તિર્યંચો પરસ્પરનો વૈરભાવ તજીને દેશના સાંભળે છે બીજાગઢની અંદર ઈશાન કોણે ભગવંતને વિશ્રામાર્થે દેવચ્છંદો હોય છે. ત્રીજા ગઢમાં વાહનો રહે છે અને તેની બહાર ચોરસ સમોસરણને દરેક ખુણે બબે વાવડીઓ અને ગોળ સમોસરણને દરેક ખુણે એકેક વાવ હોય છે.

ઉપર પ્રમાણેના સમવસરણમાં ભગવંત પૂર્વ દિશાના દ્વારથી પ્રવેશ કરે છે અને પ્રદક્ષિણા દઈને नमोतीथ्थस्स એ શબ્દવડે તીર્થ જે ચતુર્વિધ સંઘ તેને પ્રણામ કરીને પુર્વ દીશા સન્મુખના સિંહાસન ઉપર બેસે છે. તત્કાળ વ્યંતરેદ્ર ત્રણ દીશાના સીંહાસન ઉપર સાક્ષાત્ ભગવંત સદૃશ ત્રણ પ્રતિબિંબ સ્થાપન કરે છે જેથી ચારે તરફ રહેલા શ્રોતા

* પ્રથમ તીર્થંકરને ચૈત્ય વૃક્ષ ત્રણ ગાઉનું, અને તેજ પ્રમાણે દરેક તીર્થંકરને સ્વદેહમાનથી બારગણું હોય છે. વીર ભગવંતને ૨૧ ધનુષ્યનું ચૈત્ય વૃક્ષ અને તે ઉપર ૧૧ ધનુષ્યનુ શાલ વૃક્ષ કુળ ૩૨ ધનુષ્ય ઉંચ પણ હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનો ભગવંત પોતાની સન્મુખ રહીનેજ દેશના દે છે એમ જાણે છે. ભગવંતની દેશના એક યોજન પર્યંત સંભળાય છે અને સર્વે મનુષ્યો તથા તિર્યંચો પોતપોતાની ભાષામાં સમજે છે. ભગવંતની વાણી‡ પાંત્રીશ ગુણે કરીને અલંકૃત હોય છે.

ત્રીજા ગઢના મધ્ય ભાગમાં અગ્નિકૂણે મુનિ, વૈમાનિકની દેવી અને સાધવી એ ત્રણ પર્ષદા નૈરૂત્યકૂણે ભુવનપતિ, જ્યોતિષ અને વ્યંતર એ ત્રણ નિકાયની દેવીઓની ત્રણ પર્ષદા વાવ્યકુણે એજ ત્રણ નિકાયના દેવોની ત્રણ પર્ષદા અને ઈશાનકૂણે વૈમાનિક દેવતા, મનુષ્ય અને મનુષ્યની સ્ત્રી એ ત્રણ પર્ષદા એ પ્રમાણે કૂલ બાર પર્ષદા બેસે છે. તેમાં શ્રી આવશ્યક વૃત્તિને અનુસારે ચાર પ્રકારની દેવીઓ અને સાધવી એ પાંચ પર્ષદા ઉભી રહીને દેશના સાંભળે છે અને આવશ્યકચૂર્ણીને અનુસારે વૈમાનીકની દેવી અને સાધવી એ બેજ પર્ષદા ઉભી રહે છે. બાકી ની પર્ષદા બેસીને દેશના સાંભળે છે.

પેહેલી પૌરસી પરિપૂર્ણ થતાંસુધી ભગવંત દેશના ધે છે ત્યારપછી ભગવંત ઉત્તર દિશાના દ્વારથી નીકળીને બીજા ગઢમાંહેના ઈશાનકૂણે કરેલા દેવછંદામાં બિરાજે છે એટલે ભગવંતના પાદપીઠ ઉપર બેસીને મુખ્ય ગણધર દેશના દે છે.

પ્રથમના રત્નના ગઢને ચાર દ્વારે ચાર નિકાયના ચાર દેવતાઓ પ્રતિહાર તરિકે ઊભા રહે છે. પ્રથમ દ્વારે પીતવર્ણવાળો. વૈમાનિક નિકાયનો સોમનામે દેવતા ધનુષ્ય હાથમાં લઈને ઊભો રહે છે. બીજે દ્વારે શ્વેતવર્ણવાળો, વ્યંતર નિકાયનો, યમનામે દેવતા દંડ હાથમાં લઈને ઉભો રહે છે. ત્રીજે દ્વારે રક્તવર્ણવાળો, જ્યોતિષ નિકાયનો, વરૂણનામે દેવતા પાસ હાથમાં લઈને ઊભો રહે છે. અને ચોથે દ્વારે શ્યામવર્ણનો, ભુવનપતિ નિકાયનો, ધનદનામે દેવતા ગદા હાથમાં લઈને ઊભો રહે છે.

બીજા મધ્યગઢને ચાર દ્વારે ચાર દેવીયુગળ પ્રતિહાર તરિકે ઊભું રહે છે તેમાં પ્રથમ દ્વારે શ્વેતવર્ણની જયાનામે દેવીનું યુગળ અભયનામે શસ્ત્રહાથમાં લઈને ઊભું રહે છે. બીજે બારે રક્તવર્ણની વિજયાનામે દેવીનું યુગળ અંકુશ હાથમાં લઈને ઊભું રહે છે.ત્રીજે દ્વારે પીતવર્ણની અજિતા નામે દેવીનું યુગળ પાસ હાથમાં લઈને ઊભું રહે છે. અને ચોથે

‡ વાણીના ૩૫ ગુણો પ્રસંગે લખશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વારે નીલવર્ણની અપરાજિતા નામે દેવીનું યુગળ ગકરનામે શસ્ત્ર હાથમાં લઈને ઊભું રહે છે.

ત્રીજા બાહ્યગઢને ચારે દ્વારે તુંબરૂ, ખટ્વાંગ, કપાળી અને જટ ગકુટધારી એ ચાર નામના ચાર દેવતાઓ પ્રતિહાર તરિકે ઊભા રહે છે.

ઉપર પ્રમાણે ચાર નિકાયના દેવો મળીને સમવસરણ કરે છે તે સામાન્ય પ્રકાર છે પરંતુ જ્યાં મહર્દ્ધિક દેવતા અથવા ઇંદ્ર આવે છે અને પોતે કરવા ધારે છે તો તે એકલા પણ એજ પ્રમાણેનું સમવસરણ કરી શકે છે. બીજા સાધારણ દેવતાઓને માટે ભજના÷ છે.

પૂર્વે જ્યાં સમવસરણ થયું ન હોય ત્યાં તો અવસ્ય સમવસરણ થાય છે. શિવાય બીજે સ્થાનકે આઠ પ્રાતિહાર્યે કરીને યુક્ત તો ભગવંત નિરંતર હોયજ છે. જે સાધુએ પૂર્વે સમવસરણ દીઠું ન હોય તેમણે બાર યોજન પર્યંત દૂર હોય તો ત્યાંસુધીથી પણ અવશ્ય સમવસરણમાં ભગવંત વંદન નિમિત્તે આવવાનો નિયમ છે. અને જો ન આવે તો તેને પ્રાયશ્ચિત આવે છે એવો શાસ્ત્ર લેખ છે.

ઉપર પ્રમાણેની સમવસરણની રચના વાંચીને દરેક ભવ્ય પ્રાણિઓએ જેવી રીતે ઈંદ્રાદિક દેવતાઓએ ભગવંતની ભક્તિ કરી છે તેજ પ્રમાણે સાંપ્રતકાલે સાક્ષાત્ ભગવંતના વિરહથી ભગવંત સદ્રશ માનવા લાયક જિન પ્રતિમાની યથાશક્તિ ભક્તિ કરવાને પ્રયત્નવાન્ થવું જોઈએ. આ પાંચમા આરાને વિષે ભવ્ય પ્રાણીઓને જિનપ્રતિમા અને જિનાગમેજ એજ આધાર છે. તેથી તે આધારને ભવસમુદ્રનો પાર પામવા માટે આલંબનભૂત ગણી તેના આલંબનવડે ભવસમુદ્રનો પાર પામવા ઊદ્યમ કરવો એજ આત્મહિત વાંછક જનોનું કર્તવ્ય છે. તે શિવાય આ પારાવાર દુઃખેકરીને ભરેલા સંસારમાં ભ્રમણ કરવાપણું જે પ્રાપ્ત થયેલ છે તે મટવાનું નથી. માટે સુજ્ઞજનો પોતાનું કર્તવ્ય સમજી, કર્તવ્ય આદરીને યાવત્ મોક્ષ સુખ પ્રત્યે પામો એજ અમારી વાંછા છે. તથાસ્તુ.

÷ કરી શકે અથવા ન કરી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અન્યત્વભાવના.

આ ભવસમુદ્ર દુઃખરૂપી જલથી પૂર્ણ ભૃત છે. જન્મ મરણ એ તેને વિષે તરંગ સમાન છે. તે તરંગોના ઊછાળામાં મમતારૂપી તંતુથી ગ્રહણ થએલ ચેતન રૂપ માતંગ ચોતરફ અફળાયા કરે છે. કારણ કે બાળકથી વૃદ્ધ પર્યંત સર્વે મનુષ્યો જન્મ ધારણકરી અજ્ઞાનતા અને મોહને વશ થઈ ઘર, દોલત પુત્ર, માતા, પિતા, સ્ત્રી અને સ્નેહીઓ વિગેરેમાં મમત્વ ધારણ કરી ભવાંતરમાં ભમ્યા કરે છે. તેઓ જ્ઞાન પ્રાપ્ત કરી એમ વિચારતા નથી કે સર્વ પ્રકારનાં સંબંધ એ સ્વાર્થથી ભરેલા છે અને સત્ય રીતેતો કોઈ કોઈનું નથી. કારણ કે જેની જેની ઉપર મમત્વ ધારણ કરવામાં આવે છે તે તે મમત્વ સબંધી જ્ઞાન દ્રષ્ટિથી વિચારીએ તો તે મિથ્યા અને ભૂલ ભરેલ પ્રત્યક્ષ જણાય છે.

મનુષ્ય માત્રને ઘર, આભૂષણ અને દ્રવ્યાદિ ઉપર અધિક મમત્વ હોય છે કારણ કે અનેક જાતના કુડકપટ કરી તે મેળવવા સર્વ કોઇ યત્ન કરે છે પણ એવી રીતે તેની અંદર સદાકાળ રક્ત. થઈ યત્ન કરનાર વિચારતા નથી કે એ સર્વ અસ્થિર છે. જુદા જુદા મનુષ્યો સાથે ક્લેશ કરી, અનેક જાતના પાપારંભ કરી, જાણે સદાકાળ એજ ઘરમાં પોતાનો નિવાસ કરવો હોય એવા વિચાર કરી જે ઘરો અને હવેલીઓ બાંધવામાં આવે છે તેજ ઘર અને હવેલીઓ કાળવશાત્ અગ્નિથી બળતા દ્રષ્ટિએ પડે છે, ભવીતવ્યતાને યોગે નિર્ધનતા પ્રાપ્ત થાય છે તો વેચી નાખવા પડે છે અને તેમ નહી તો આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુને સ્વાધિન થઈ તેનો ત્યાગ કરવો પડે છે. દ્રવ્યની બાબતમાં પણ એવીજ રીતે બને છે. જગતમાં એવા ઘણા દ્રષ્ટાંતો જોવામાં આવે છે કે લક્ષાધિપતિઓ નિર્ધન થાય છે અને રંક લક્ષાધિપતી થાય છે. વળી પોતાની સઘળી જીંદગી વ્યાપાર રોજગાર અને ધનસંચય કરવાના મમત્વમાં પૂર્ણ કરનાર મનુષ્ય પણ તે દ્રવ્ય બીજાના ઉપભોગને માટે મુકી પોતે માત્ર દ્રવ્ય ઉપાર્જન અર્થે કરેલ પાપસમૂહને સાથે લઈ મનુષ્ય ભવ નિરર્થક ગુમાવી કાળને આધિન થાય છે. અંતર્ચક્ષુ ઉઘાડી વિચાર કરતાં જેની ઉપર મમત્વ ધારણ કરવામાં આવે છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે તથાપિ મનુષ્ય તેને વિષે મમત્વ ધારણ કરી–ગુંચાઈ–કર્તવ્યને ભૂલી જાય છે એ કેવી અજ્ઞાનતા!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્યાદિના મમત્વ ઉપરાંત મનુષ્યને પોતાના સ્વજન પરિવાર ઉપર પણ ગાઢ મમત્વ હોય છે. અહોનીશ મારો પુત્ર, મારા પિતા, મારી માતા મારો બંધુ, મારી સ્ત્રી એમ મનની અંદર મારા પણાનો મમત્વ ધારણ કરી તે સઘળા પોતાને બંધન રૂપ છે એમ સમજતો નથી. વળી મારા પણાનો જે સંબંધ પોતે ધારે છે તે પણ સ્વાર્થની પૂર્ણતા સુધીજ ટકી રહે છે એમ દ્રષ્ટિએ જોતાં છતાં પણ તેના હૃદયચક્ષુ સ્ફુરિત થતા નથી. આપણે જાણીએ છીએ કે પિતાને પુત્ર ધન ઉપાર્જ કરી પાલણપોષણ કરતો હોય તોજ વહાલો લાગે છે; નિરઉદ્યોગી અને ધન પ્રાપ્તિમાં અસમર્થ પુત્રને જોઈ તેજ પિતા નિઃશ્વાસ નાંખે છે અને ક્રોધાતુર થાય છે; માતા પિતા પુત્રની ઉપર પૂર્ણ મમત્વ ધારણ કરી અનેક કષ્ટ સહન કરી તેને ઉછેરી મોટો કરે છે તેજ પુત્ર માતા પિતાની વૃદ્ધવસ્થામાં ઉપેક્ષા કરે છે એવા ઘણા દ્રષ્ટાંતો જગતમાં દ્રષ્ટિગત થાય છે એટલુંજ નહિ પણ રાજ્ય લોભને માટે શ્રેણીક સરખા સમકિતી અને સમર્થ પિતાને દુઃખ આપનાર અને બંધીખાને નાંખનાર કોણિકનું દ્રષ્ટાંત પ્રસિદ્ધ છે માતાના સ્નેહની બાબતમાં જોઈએ તો પુત્રને લીધે પોતાની મનોવૃત્તિમાં વાંધો આવનાર બ્રહ્મદત્ત ચક્રવર્તીને મારી નાંખવાનો પ્રયત્ન કરનાર તેની માતા ચુલણીનું દ્રષ્ટાંત પ્રસિદ્ધ છે. બંધુ સ્નેહની બાબતમાં વિચારીએ તો થોડા પણ દ્રવ્યને માટે કલેશ કરનાર ભાઈઓના સેંકડો દ્રષ્ટાંતો નજરે પડે છે એટલુંજ નહિ પણ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીના પુત્ર ભરત અને બાહુબળે રાજ્યને માટે મહત્ યુદ્ધ આરંભ્યું હતું એ દ્રષ્ટાંત શાસ્ત્રદ્વારા શ્રવણ કરીએ છીએ; સ્ત્રીના પુરૂષ ઉપરના સ્નેહની બાબતમાં ધર્મને વિષે લીન થનાર પરદેશી રાજાથી પોતાનો સ્વાર્થ સાધવામાં ખામી આવવાથી મારી નાંખવાનો પ્રયત્ન કરનાર સુરીકાંતાનું દ્રષ્ટાંત પ્રત્યક્ષ છે. એ પ્રમાણે સંબંધ માત્ર સ્વાર્થની પૂર્ણતા સુધી છે એવા ઘણા દ્રષ્ટાંતો હાલ સમયે દ્રષ્ટિગત થાય છે અને પ્રાચિન સમયના શાસ્ત્રદ્વારા શ્રવણ કરીએ છીએ. વળી જેની ઉપર આપણે મમત્વ ધારણ કરીએ છીએ તેનોને આપણો સંબંધ સ્વલ્પકાલ ટકનારો અને સ્વપ્ન વત્ છે એ પણ પ્રાણિમાત્રને લક્ષમાં રાખવાનું છે. કારણ કે જેમ ફુલ ઝાડ ઉપર સંપૂર્ણ સુંદરતાને પામેલા પુષ્પો સમયપૂર્ણ થયે ખરી પડી કરમાઇ જાય છે, જેમ સંધ્યા સમયના અભ્રના વિવિધ પ્રકારના રંગો તરતજ લય પામે છે, જેમ વૃક્ષ ઉપર રાત્રે એકત્ર થયેલી પક્ષ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓ પ્રાતઃકાળે ભિન્નભિન્ન દિશાઓમાં ઊડી જાય છે તેમ આ સંસારમાં પણ મૃત્યુનો માર્ગ નિરંતર વહ્યાજ કરે છે. નિરંતર જગતમાંથી મનુષ્યોને મૃત્યુ પામતા આપણે જોઇએ છીએ અને તે મૃત્યુ પામનાર પણ કોઇનો પિતા, કોઇનો બંધવ, કોઈનો સ્નેહી એમ સર્વ પ્રકારનો સંબંધી હોય છે; પરંતુ તેનું આયુષ્ય પૂર્ણ થયે જ્યારે તે મોતની પથારીમાં શયન કરે છે ત્યારે નિરંતર ધન કમાઈ જેના ઊદર ભર્યાં હોય એવા તે સબંધીઓમાંથી કોઇપણ તેને રાખવા સમર્થ થતું નથી, એટલુંજ નહિ પણ પોતાના સ્વાર્થમાં ખામી આવવાથી થોડા દિવસ રૂદન કરી 'ગયેલાને ભૂલી જવું' એ રીવાજ પ્રમાણે તેજ સંબંધીઓ તેને વિસરી જાય છે; પોતાના વીશ વરસના પુત્રના મૃત્યુ સમયે ફક્ત મોહના ઉછાળાથી ગાઢસ્વરે રૂદન કરનાર અને છાતી કુટનાર પિતા પોતાના બીજા પુત્રના લગ્ન સમયે તે મૃત્યુ પામનારને ભૂલી જઈ વર્ત્તમાન સમયના ઊત્સાહમાં પૂર્ણ હર્ષથી દાખલ થાય છે; અત્યંત સ્નેહવાળી સ્ત્રીના મૃત્યુ પછી તેજ ભર્તાર બીજી સ્ત્રી સાથે વિવાહ કરી જાણે એ સબંધ સદાકાળ રહેવાનો હોય એવા ખોટા મોહમાં મુંઝાઇ–ખુશી થઇ–અગાઊની સ્ત્રીને વિસરી જાય છે; પોતાના બંધુના મૃત્યુથી દુઃખી થયાનું બતાવનાર ભ્રાતા થોડા દિવસ પછી તે બંધુ સ્નેહને ભૂલી જઈ તેના પુત્રાદિની સાથે દ્રવ્યાદિના વિભાગમાં કપટ આદરે છે. એવી રીતે સ્વજન પરિવારનો સંબંધ પણ સ્વાર્થ યુક્ત–અલ્પ મુદતનો–સ્થિતિ પૂર્ણ થયે ત્રૂટનારો–આપણો રાખ્યો નહિ રહેનારો–ઈંદ્રિજાળ સમાન છે તેથી તેને વિષે મમત્વ ધારણ કરવો એ પણ અજ્ઞાનતાજ છે.

આ શિવાય મનુષ્યને પોતાના દેહ ઉપર મમત્વ હોય છે. દેહને પોષવા અને સુખી કરવા અનેક જાતના પાપકર્મ આચરે છે, ઇંદ્રિયોના વિષયનો લોલુપી થાય છે અને નિરંતર તેની શુશ્રુષા કર્યા કરે છે; પણ તેમ વર્તનારે સમજવું જોઇએ કે પુદ્ગળનો સડન પડન અને વિધ્વંસન એજ સ્વભાવ છે; આયુષ્ય પૂર્ણ થયે એ દેહ નિર્માલ્ય થઇ જશે અને ચેતનને તેનો ત્યાગ કરી કર્મ પ્રકૃતિના ઊદય પ્રમાણે અન્યગતિમાં ગમન કરવું પડશે તે સમયે તે પુદ્ગળની સાથે કોઇપણ પ્રકારનો સંબંધ રહેનાર નથી; તેને તો અંતરના ગણાતા સંબંધીઓ બાળીને રાખ કરી મુકશે તેથી તેની ઉપર મમત્વ ધારણ કરી તેને પોષવા અર્થે પાપનો સંચય કરવો, તેની ઉપર મોહ ધારણ કરી તપ, જપ, નિયમાદિ ન કરવા એ પણ અજ્ઞાનતાજછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણિ માત્રના મન ચંચળ હોય છે. સમયે સમયે મનની અંદર અનેકજાતના સંકલ્પ વિકલ્પ થાય છે. તેમાં જે અજ્ઞાની અને મોહદશાને વશ થયેલા પ્રાણિઓ હોય છે તે આર્ત્તરૌદ્ર ધ્યાને કરી નિરંતર અશુભ કર્મ ઉપાર્જન કરે છે પણ જેઓએ જ્ઞાન પ્રાપ્ત કરી શાસ્ત્ર રહસ્ય સમજી શાંત ભાવ અંગીકાર કર્યો હોય છે તેઓ તેવા કર્મ બંધનથી દૂર રહી શકે છે. એ શાંતભાવની પુષ્ટિ માટે જીનેશ્વર ભગવંતે ધર્મી અને મોક્ષાર્થી મનુષ્યને નિરંતર દ્વાદશ ભાવના ભાવવી કહી છે. આ સંસારમાં જેના શ્રવણ માત્રથી પ્રાણિને પવિત્રતા સંપાદન થાય, એવી તે દ્વાદશ ભાવના છે તો તેને ધારણ કરનાર મનુષ્યના હૃદયમાં મોહ તથા અજ્ઞાનને આચ્છાદન કરનારી સમતા રૂપ વલ્લી પ્રગટ થાય તેમાં શું આશ્ચર્ય? કારણ કે જેમ રસ કુંપિકાના રસના પ્રભાવથી લોહ પણ હેમમય થાય છે તેમ એ ભાવનાઓ ભાવવાથી આત્મા પણ કર્મ મળથી રહીત થઈ પરમરૂપને પામે છે. એ દ્વાદશભાવનામાં અન્યત્વ ભાવના એ પાંચમી છે. ધન, ધાન્ય, બાગ, બગીચા, ધર સ્વજન પરિવાર અને દેહ વિગેરે કાંઈ પણ આત્માનું નથી અને આત્મા એ સર્વથી વિરક્તછે એમ સમજવું એ આ ભાવનાનું રહસ્ય છે.

એ ભાવનાથી વિરૂદ્ધ જે વસ્તુ માત્ર ઉપરનો મમત્વ તે મમત્વ સંબંધી આપણે ઉપર પ્રમાણે વિચાર કરીએ છીએ તો તે સર્વે અજ્ઞાનતા જનિત જણાય છે કારણ કે જ્ઞાન ચક્ષુથી અવલોકન કરતા એ સર્વ પ્રકારનો મમત્વ મિથ્યા જણાય છે. માટે હે ભવ્ય પ્રાણિઓ ! આ પાંચમી ભાવના નિરંતર ચિત્તને વિષે વિચારી સમજી રાખજો કે જેને વાસ્તે તમે ઘણા પ્રયત્ન કરો છો, જેનાથી નિરંતર ભય ધારણ કરો છો, જેનાથી સદાકાળ આનંદ પામો છો, જેને અર્થે ઘણો શોચ કરો છો, જેની હૃદયને વિષે હમેશાં ઈચ્છા કરો છો, જેને દેખવાથી અત્યંત પ્રીતિ ધારણ કરો છો, જેને વિષે અત્યંત સ્નેહ ધારણ કરી પોતાના નિર્મળ જ્ઞાનાદીક સ્ભાવનો નાશ કરી લાલન પાલન કરો છો એ સર્વે ક્રિયા પરકીય છે એમાં ચેતનને સ્વકીય કાંઈ નથી કારણ કે જ્ઞાન દર્શન અને ચરિત્રની આશ્રયભૂત જે ચેતના તે વિના બીજા વિભાવિક પદાર્થો છે તે સર્વે આત્માથી વિરક્ત છે. વળી હે ચેતન ! તું વિચાર કે આ સંસારમાં શરીર, દ્રવ્ય, પુત્ર, ઘર, સ્વજનાદીકમાં કોણ તુજને દુર્ગતિથી રક્ષણ કરનાર છે ? અર્થાત્ કોઈજ નથી તેથી તેને અર્થે જે માઠા કર્મ કરે છે તે કર્મના યોગથી જ્યારે નરકાદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુર્ગતિમાં જઈશ તે સમયે તારો હસ્ત પકડી કોઈ રોકી શકનાર અથવા બચાવી શકનાર નથી. બીજા તો દૂર રહ્યા પણ જેની સાથે મોહના વ-શથી તું ઐકયતા ધારણ કરે છે એ શરીર પણ તારો ત્યાગ કરશે. વળી સંસારને વિષે જન્મ ધારણ કરી વિવિધ પ્રકારના પરિગ્રહ સંપાદન કર-વામાં ઊત્સુક રહે છે પરંતુ જન્માંતર જતા તે પરિગ્રહમાંથી એક દોકડો પણ સાથે લઇ જવાને તું સમર્થ નથી માટે મમતાના યોગે કરી અત્યંત તીવ્રતાપનું મુખ્ય કારણ એવો જે પરકીય વસ્તુનો મોહ તેનો ત્યાગ કર અને નિઃસંગત્વ પણે આલ્હાદન કરનાર અનુભવ સુખનુ સેવન કર.

જેમ પંથીજનને જુદે જુદે સ્થાનકે માર્ગમાં ઘણા વટેમાર્ગુનો મેળાપ થાય છે પણ તે વટેમાર્ગુની સાથે તે કોઈ પણ જાતનો પ્રતિબંધ કરતો નથી કારણ કે તેઓ સ્વલ્પ કાળમાં જુદા પડી પોત પોતાને રસ્તે ચાલ્યા જાય છે તેથી કરેલો પ્રતિબંધ ઊલટો દુઃખ કર્ત્તા થઇ પડે છે તે-વીજ રીતે આ સ્વજન પરિવાર પણ પોતા પોતાના કર્મના વશથી આવી મળેલા વટેમાર્ગુ તુલ્ય છે માટે તેની સાથે મમત્વરૂપ પ્રતિબંધ એ દુઃખ કરતાજ થાય છે. જેમ કોઈ સ્નેહ શૂન્ય મનુષ્ય હોય તેના ઉપર સ્નેહ ધરનાર પ્રાણિ સંતાપને સહન કરે છે તેમ હે વિવેકી પુરૂષો! તમે પણ પરિણામે તમારાથી વિરકત—નિઃસ્નેહી—અન્યવસ્તુ—પુદ્ગળ સમુદાય ઉપર વ્યર્થ મમતારૂપ તાપ ધારણ કરી સંતાપને પામશો.

વળી જેમ કોઈ તીર્થસ્થાનકે મેળો ભરાય અને ત્યાં આસપાસના જુ-દા જુદા ગામના માણસો વ્યાપારાર્થે આવે તેમાં કોઈ નફો અને કોઈ ટોટો પ્રાપ્ત કરી પોતાને સ્થાનકે જાય તેમ હે ભવ્યપ્રાણિ! તેં પણ થોડી મુદત વ્યાપાર્થે આ જગતમાં જન્મ ધારણ કર્યો છે તેથી આયુષ્ય પૂર્ણ થયે આ ભવરૂપી બાજી સમાપ્ત કરી પરભવને વિષે ગમન કરવું પડશે ત્યાં પુણ્યરૂપ નફો અથવા પાપરૂપ ટોટો એજ સાથે આવશે માટે આ ભ-વરૂપી વ્યાપારમાં ખોટ ન જાય તેવા કાર્યો કર! જે મમત્વ છે તે ખોટ મેળવવાનું સાધન છે માટે નિશ્ચયે જેનો વિયોગ થવાનો છે એવા પુદ્ગળા-દિના સંયોગનો—મોહનો ત્યાગ કર અને નિર્મળ જે પોતાનો શુદ્ધ આત્મ-ભાવ તેને વિષે સ્વસ્થ થઈ એકાગ્રપણે લક્ષ રાખ કારણ કે મૃગતૃષ્નારૂપ જળનું પાન કરીને જેમ કોઈ કાળે તૃપ્તિ થતી નથી તેમ તું પણ પર-વસ્તુ ઉપર મમત્વ રાખી કોઈ કાળે આત્મરતિમાં તૃપ્તિ પામનાર નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવંતે દિક્ષા અંગીકાર કર્યા પછી પુત્ર સ્નેહના મમત્વથી મારૂદેવી માતા હમેશા રૂદન કર્યા કરતાં અને ભરત ચક્રવર્તિને પોતાના પુત્રની સંભાળ ન કરવાને માટે ઉપાલંભ આપતા હતા એટલુંજ નહિ પણ એમ રૂદન કરતા ચક્ષુને પડળ આવી ગયા હતા; પરંતુ જ્યારે ભગવંતને કેવળજ્ઞાન પ્રગટ થયું અને ભરત ચક્રવર્તિ તેમને સાથે લઈ સમવસરણ પ્રત્યે ગયા અને ભગવંતની ઋદ્ધિ વિષે માતાને ખબર કહ્યા તે સમયે મમત્વનો ત્યાગ થઇ અન્યત્વ ભાવને વિષે ચિત્ત લીન થયું અને વિચારવા લાગ્યા કે 'જગત્માં કોઈ કોઈનું નથી' એમ શુદ્ધ અન્યત્વ ભાવ ચિત્તમાં દાખલ થયો કે તરતજ કેવળજ્ઞાન પ્રગટ થયું હતું. તેમજ ચરમતીર્થંકરના મુખ્ય ગણધર શ્રી ગૌતમસ્વામીને પણ પ્રભુ ઉપર જ્યાંસુધી મમત્વ રહ્યો ત્યાંસુધી કેવળજ્ઞાન પ્રગટ થવામાં અટકાયત હતી તે જ્યારે ભગવંતે અંતસમયે અન્ય સ્થાનકે મોકલ્યા અને રસ્તામાં નિર્વાણ સમાચાર જાણી શોચ કરતા પ્રભુને મમત્વ રહીત જાણી આતામાંથી મમત્વ ભાવનો ત્યાગ કર્યો અને અન્યત્વ ભાવ દાખલ થયો કે તરતજ કેવળજ્ઞાન પ્રગટ થયું હતું. સુકોશળમુનિએ પોતાની સ્ત્રી જે મમત્વ ભાવને લીધે ઉત્પન્ન થયેલા ક્રોધથી મૃત્યુ પામી વાઘણ થઈ હતી તેને અન્યત્વભાવના સમજાવી પ્રતિબોધી હતી. એ પ્રમાણે મમત્વભાવ એ લોકોત્તર સુખ પ્રાપ્ત કરવામાં અટકાયત કરનાર છે અને તેનો ત્યાગ કરી—સર્વને પોતાથી વિરક્ત જાણી—અન્યત્વ ભાવના ભાવવી એ લોકોત્તર સુખ મેળવવાને સાધન ભૂત છે. માટે મનુષ્ય પ્રાણિ! તું પણ ચિત્તને વિષે સંસારની ખરી સ્થિતી જાણી મમત્વનો ત્યાગ કરી અન્યત્વ ભાવમાં લીન થજે જેથી મોક્ષ સુખ સહેજે પ્રાપ્ત થાય.

# अमरदत्त अने मित्रानंद

(સાંધણ પુ. ૫ માના પાને ૧૮૭ થી)

પછી અમરદત્તરાજાએ પોતાના કેટલાએક શેવક પુરૂષોની સાથે મિત્રાનંદને વસંતપુર તરફ વિદાય કર્યો અને સેવકોને ભલામણ કરીકે ત્યાં પહોંચ્યા પછી તમારામાંના. કોઈએ શિઘ્રપણે પાછા આવી મને મિત્રાનંદના કુશલ સમાચાર પોહોંચાડવા. તેઓ ગયા પછી રાજા મિત્ર વિયોગે વિહ્વળ

For Private And Personal Use Only

છતાં પણ પૂણ્યે પ્રાપ્ત થએલી રાજ્ય લક્ષ્મીને રાણીની સાથે સુખે ભોગવવા લાગ્યો એમ ઘણા દિવસ ગયા તોપણ તેઓમાંથી કોઈ પણ પાછું આવ્યું નહિ તેમ કાંઈ સમાચાર આવ્યા નહિ; એટલે રાજાએ તેની તપાસ કરવા બીજા માણસો મોકલ્યા. કેટલેક દિવસે તેઓએ પાછા આવી જણાવ્યું કે વસંતપુરમાં મિત્રાનંદ અમારા જોવામાં આવ્યા નહિ તેમ તેના વિષે કાંઈ વાર્ત્તા પણ શ્રવણ કરવામાં આવી નહિ. એ સમાચારથી શોકાતુર થઈ રાણી પ્રત્યે કહેવા લાગ્યો કે, 'દેવી ! આપણે હું કરવું? મિત્રસંબંધી કાંઈ સમાચાર પણ મળતા નથી.' રાણીએ કહ્યું 'સ્વામિન્ જો કોઇ જ્ઞાની પધારે-તો એ સંશયનું નિવર્ત્તન થાય તે શિવાય શી રીતે ખુલ્લાસો થાય?'

એવામાં ઉદ્યાનપાલકે નૃપતિ પ્રત્યે આવી વિજ્ઞાપના કરીકે 'રાજન ! આપણા નગરના અશોકતિલક ઉદ્યાનને વિષે ચતુર્જ્ઞાનધર શ્રીધર્મઘોષ સૂરિ પધાર્યા અને લોકોને ધર્મદેશના આપે છે. એ સમાચારથી આનંદ પામી વનપાળકને પંચાંગ પ્રસાદ કરી રાજા મહદાડંબરથી રાણી સહિત ગુરૂવંદનાર્થે ચાલ્યો. ત્યાં જઈ ખડ્ગ છત્રાદિ રાજ્યચિન્હનો ત્યાગ કરી ઉત્તરાસંગ નાંખી ત્રણ પ્રદક્ષિણા દઈ ગુરૂમહારાજાને પ્રણામ કરી પરિકરસહીત યથોચિત સ્થાનકે વિનયયુક્ત બેઠો. ગુરૂ મહારાજાએ કહ્યું 'ભો રાજન્ ! પંડિત પુરૂષોએ સર્વ દુઃખ નિવારક અને સર્વ સૌખ્ય કારક ધર્મનુંજ સેવન કરવું." તે સમયે અશોકદત્ત નામે વણિકે ગુરૂ મહારાજને પુછ્યું 'ભગવન્ ! શું કર્મના યોગે મારી પુત્રી અશોકશ્રી સર્વાંગે ગાઢવેદનાક્રાંત થઈ? ચિકિત્સાવડે પણ તેને શરીરે રોગોપશાંતિ થતી નથી.'

ગુરૂ બોલ્યા—'વ્યવહારિ! પૂર્વે ભવે એ તારી પુત્રી ભૂતશાલ નગરને વિષે ભૂતદેવ શેઠની કુરૂમતી નામે સ્ત્રી હતી. એક દિવસ બિલાડી દુધ પી ગઈ તેથી કોપાકુળ થઈ પુત્રવધું પ્રત્યે બોલી 'કેમ તને શાકિણીએ ગ્રહણ કરી છે કે દુધનું રક્ષણ ન કર્યું? તેના એવા વચનથી તે બાળા ભયભ્રાંત થઈ કંપવા લાગી તેવામાં કોઇ દૂષ્ટ માતંગીએ શાકિની મંત્રની યુક્તિએ છિદ્ર પામીને તેણીને છલી. તે દિવસથી તે ઘણી વેદના ભોગવવા લાગી. ઘણા વૈદો પાસે ઔષધ કરાવ્યા છતાં દોષ વર્જિત ન થઇ. પછી કોઈ યોગી મળ્યો તેણે મંત્રબળથી તે માતંગીને ત્યાં બોલાવી અને પુછ્યુ રે દૂષ્ટ તેં આ બાળાને કેમ છલી? તે બોલી—સ્વશ્રૂ દૂર્વાક્ય શ્રવણ કરવાથી એ પ્રકંપમાન થઈ હતી તેથી મેં તેણીને ગ્રહણ કરી. પછી તે યોગીએ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્ર પ્રભાવથી તે માતંગીને બાળાના શરીરથી દુર કરી. રાજાએ તે માતંગીને દેશ નિકાળ કરી તે દિવસથી કુરૂમતીને લોકોએ કાળજિવ્હા વાળી ઠરાવી. પછી તે પણ વિરક્ત થઇ વૈરાગ્ય પામી અને કોઇ સાધ્વી પાસે દિક્ષા અંગીકાર કરી શુભ ભાવે નિર્મળ ચારિત્ર પાળી મૃત્યુ પામી દેવલોકમાં ગઇ. ત્યાંથી ચવી તારે ત્યાં પુત્રીપણે ઉત્પન્ન થઇ છે. પૂર્વ ભવે તેણીએ તે દુર્વચન ગુરૂ સમક્ષ આલોચ્યા ન હતા તે કર્મના ઉદયથી આ ભવમાં દોષ દુષિત થઇ છે.

ફરી ગુરૂ મહારાજે કહ્યું 'હે શ્રેષ્ઠિન્! તેણીને તમે અત્રે લાવો. જેથી મારા વચન સાંભળી જાતિસ્મરણ પામી પૂર્વ ભવ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરશે એટલે તે દોષરહીત થશે. પછી શેઠ તત્કાળ તેણીને સૂરિ સમીપે લાવ્યા ત્યાં તે પોતાનું ચરિત્ર શ્રવણ કરી જાતિ સ્મરણ પામી અને બોલી 'પ્રભો! જે તમે કહ્યું તે સર્વ સત્ય છે. હવે હું આ ભવભયથી ખેદ પામી છું માટે મને દિક્ષા આપો. ગુરૂએ કહ્યું—અદ્યાપિ તારે ભોગાવાળી કર્મનો ઉદય છે તે ભોગવ્યા પછી વ્રતગ્રહણ કરજે. પછી કેટલાએક ધર્મ કૃત્ય ગુરૂ સમીપે અંગીકાર કરી શ્રેષ્ઠિ પુત્રીસહીત સ્વગૃહે ગયા.

રાજા આ સર્વ વૃત્તાંતથી ચિંતવવા લાગ્યો કે, આ ગુરૂમહારાજાનું જ્ઞાન અત્યંત આશ્ચર્યકારી છે. શ્રેષ્ઠિ પુત્રીનો પૂર્વ જન્મ વૃત્તાંત પ્રત્યક્ષ રીતે કહ્યો છે. એમ ચિંતવી ગુરૂ મહારાજાને પુછ્યું 'ભગવાન્ કૃપા કરી મારા પ્રાણથી વલ્લભ મિત્ર મિત્રાનંદ સંબંધી વૃત્તાંત જે અમને જણાયો નથી તે કહો.

ગુરૂએ કહ્યું 'રાજન્! તારી પાસેથી ચાલ્યા પછી કેટલોએક માર્ગ ઉલ્લંઘન કર્યો. એક દિવસ કોઈ પર્વતની ગાળીમાં નદી પ્રપાતસ્થાને તેણે પરિકર સહીત ભોજન કરવાને મુકામ કર્યો. ત્યાં સર્વ સેવકો અને પોતે ભોજન કરવા બેઠા છે તેવામાં ઓચિંતી કોઈ ભિલ્લ ટોળીએ ધાડ પાડી. તે પ્રચંડ ભિલોએ તેના સર્વ માણસોનો પરાભવ કર્યો. કેટલાએક સેવકો મરાયા અને કેટલાંએક નાસી ગયા તે લજ્જાને લીધે તારી સમીપે ન આવ્યા. તે સમયે મિત્રાનંદ પણ ભયભ્રાંત થઈ ત્યાંથી એકાકી નાઠો. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દીલગીરીકારક સમાચાર.

### मुनीराज श्री हर्षविजयजीनो स्वर्गवास.

શ્રી ગન્મુનીરાજ મહારાજ શ્રી આત્મારામજી મહારાજના શિષ્યના શિષ્ય મુનિરાજ શ્રી હર્ષવિજયજીએ શ્રી દીલ્હી શેહેરમાં ચૈતર શુદ ૧૦ મે દેહ ત્યાગ કર્યો છે. આ ખબર સાંભળી તમામ જૈન વર્ગ બહુજ દીલગીર થયો છે. તેઓ સાહેબે બહુજ નાની એટલે માત્ર ૧૮ વર્ષની ઉમ્મરમાં ચારિત્ર ગ્રહણ કર્યું હતું અને ૨૨ વર્ષ ચારિત્ર પાળીને દેહ ત્યાગ સમયે તેમની ઉમ્મર માત્ર ૪૦ વર્ષની હતી. સ્વભાવે બહુજ શાંત, માયાળુ અને ગંભીર હતા. તેમના પંચત્વ પામવાથી જૈન વર્ગમાં મોટી ખામી પડી ગઈ છે. પરંતુ કાળની ગતિ અસરાળ છે. ભવિતવ્યતા પ્રાધાન્ય છે તેથી તે સંબંધી શોક ન કરતાં આત્મ હિત માટે નિરંતર તત્પર રેહેવું એજ જૈન બંધુઓનું ખરૂં કર્તવ્ય છે.

## એક સભાસદની પંચત્વ પ્રાપ્તિ.

**લખવાને દિલગિરિ** ઉત્પન્ન થાય છે કે અમારી સભાના સભાસદ શા. મગનલાલ પાનાચંદ માત્ર ૨૮ વર્ષની નાની ઉમ્મરમાં ચૈતર શુદ ૫ ની સવારે પંચત્વ પામ્યા છે. તેમના મૃત્યુથી સભાએ એક ખરેખરો ઊદમી, માયાળુ, હસમુખો અને ભદ્રીક પ્રકૃતિનો સભાસદ ખોયો છે. તેઓ આ જૈનધર્મ પ્રસારક સભામાં મૂળથી એટલે સંવત ૧૯૩૭ ની સાલથી સભાસદ હતા અને ધર્મ દ્રઢતા સારી ધરાવવા સાથે ધર્મ સંબંધી અભ્યાસ પણ પાંચ પ્રતિક્રમણ વિગેરેનો સારી રીતે કર્યો હતો. તેમની પાછળ સંતતીમાં માત્ર બે પુત્રીજ છે. તેમના મોટા ભાઈને તેમજ તેમની સ્ત્રીને પ્રાપ્ત થએલા દુઃખને માટે દિલાસો આપવા સાથે હવે યથાશક્તિ પોતાનું આત્મહિત કરવા માટે ધર્મ કાર્યમાં જોડાવા ભલામણ કરીએ છીએ. કાળની ગતિ મહાકુટીલતમ છે અને સૌ જીવને માથે તે ભમણ કર્યા કરે છે માટે તેનાથી ચેતીને ધર્મ કાર્યમાં ચિત્ત જોડવું એ સુજ્ઞ જનોનું કર્તવ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन पंचांग.

સંવત ૧૯૪૬ ના ચૈતરથી સંવત ૧૯૪૭ ના ફાગણ સુધી જૈનવર્ગને માટે બહુજ ઉપયોગી છે. કિંમત એક આનો. ચાર નકલ ઉપરાંત મંગાવનારને પોસ્ટેજ માફ.

# वर्तमान समाचार.

## મુનિ મહારાજના વિહારથી થતા લાભ.

શ્રીમન્મુનિરાજ મહારાજ શ્રી આત્મારામજી (આનંદ વિજયજી) ના શિષ્યના શિષ્ય મુનીરાજ શ્રી હંસવિજયજી બીજા બે મુનિઓની સાથે શ્રી ગ્વાલીઅર (લસ્કર) જ્યાં પોતે ચોમાસું રહ્યા હતા ત્યાંથી શ્રી વડોદરાવાળા શેઠ જગજીવન સુંદરજીના સંઘની સાથે શ્રી સમ્મેત શિખરજીની યાત્રા કરવા પધાર્યા હતા, તેઓ જિનેશ્વરના કલ્યાણકની પવીત્ર ભૂમિવાળી નગરીઓની યાત્રા કરતા કરતા માહ શુદિ ૧૫ ને દિવસે ત્યાં પહોચ્યા હતા. સમ્મેત શિખરજી જૈન વર્ગનું એક મહોટું તીર્થ છે. અને ત્યાં વર્ત્તમાન ચોવીશીના ૨૦ તીર્થંકરો નિર્વાણ પદ પ્રત્યે પામેલા છે. તે તીર્થની યાત્રા કરવાનો મનોરથ પૂર્ણ કરવાના પ્રસંગ ઉપરજ તેમને વિનંતી કરવાના હેતુથી શ્રી કલકત્તા નિવાસી બાબુ સાહેબ બદ્રીદાસજીનું તેમજ બીજા પણ ત્યાંના અને મુર્શીદાબાદના ગ્રહસ્થોનું આગમન થયું હતું. તે તીર્થ ભૂમિને વિષેજ પોતાના આત્માના વિશેષ કલ્યાણને નિમિત્તે ખંભાત નિવાસી શેઠ પીતાંબરદાસ અમરચંદે પોતાની સ્ત્રી સ્હીત ચતુર્થ વ્રત (શિયળવ્રત) અંગીકાર કર્યું હતું અને તે પ્રસંગે બીજા પણ અનેક મનુષ્યોએ અનેક પ્રકારના વ્રત પચ્ચખ્ખાણ ગ્રહણ કર્યા હતા. ત્યાંથી મુનીરાજ શ્રી હંસવિજયજીએ શ્રી કલકત્તા અને મુર્શીદાબાદના સંઘનો આગ્રહ હોવાથી તે તરફ વિહાર કર્યો હતો. તે બંને શેહેરોમાં સામૈયાનો મહોચ્છવ બહુજ અપૂર્વ થયો હતો એટલુંજ નહીં પણ તે પ્રસંગે ટ્રામવેને પણ બંધ રખાવી હતી. જૈન ધર્મની બહુજ ઊન્નત્તી થઈ હતી. વળી એ પ્રસંગના ખબર પડવા ઉપરથી આપણા પ્રશ્નોત્તરના વિષયવાળા પ્રશ્ન કરનાર ડાક્તર હોર્નલ સાહેબ પણ તેમની સમિપે આવ્યા હતા અને અત્યંત નમ્રતા સાથે કેટલાએક પ્રશ્નો પુછીને સંતોષકારક ખુલાસા મળવાથી બહુજ ખુશી થયા હતા. આ પ્રમાણે મુની મહારાજાના વિહારથી અનેક પ્રકારના વ્રત પચ્ચખ્ખાણ, મહોચ્છવો અને બીજા પણ ઘણા જૈન ધર્મની ઉન્નત્તીનાં કારણો બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# लवाजमनी पहोंच.

૩—૦ શા. ઓતમચંદ દામજી.
૧—૦ વોરા. લાડકચંદ હીરાચંદ.
૧-૧૧ શેઠ. સીરદાર મલભાઉ.
૧—૩ શા. શામજી વીરજી.
૧—૩ શા. ગોપાળજી ગોવીંદજી.
૩—૯ ઝવેરી. બાલાભાઈ છોટાલાલ.
૧—૩ વૈદ્ય મગનલાલ ચુનીલાલ.
૧—૪ કોઠારી. નરોતમ વીઠલ.
૧—૩ ગાંધી વીરચંદ રાઘવજી.
૧—૩ શા. કેશવજી લહેરાભાઈ.
૧—૩ શા. તલકશી કરમચંદ.
૫-૧૫ શા. મંગળજી માણેકચંદ.
૧—૩ દોશી માણેકચંદ ભાણુજી.
૧—૩ વાડલીઆ હંસરાજ હીરા.
૧—૩ શા. લશ્કર સુરચંદ.
૧—૩ શા. ધનજી ખુશાલ.
૧—૩ બેહેન ગંગા.
૦-૧૨ શા. છગન ખોડા.
૧—૩ ઝવેરી. સરૂપચંદ ધોળીદાસ.
૧—૩ શા. મોતીલાલ જેચંદ.
૧—૩ ઊત્તમચંદ કરમચંદ.
૧—૩ રા. રા. લાડકચંદ વીરચંદ.
૨—૬ શા.મનસુખલાલ દામોદરદાસ
૧—૩ શા. દેવજી ખેતશી.
૧—૩ મા. પ્રેમજી રતનજી.
૧—૩ શા. દેવરાજ મુળચંદ.
૨—૬ સંગીજી શ્રી જુવાનમલજી.
૧—૩ વકીલ નારણજી મુળજી.
૧—૦ શા. સવાઈ અમીચંદ.
૧—૦ શા. શાર્‍જી વરધમાન.
૧—૩ શા. મોહન વાલજી.
૧—૦ શા. જુઠા જસા.
૧—૩ શા. શીવચંદ પોપટ.
૧—૦ સઘવી હરખા તેજા.
૧—૦ પરી. ખીમા ઝવેર.
૧—૦ શા. હરજીવન દેવચંદ.
૧—૦ શા. ઊકા હીરા.
૩—૯ શા. માણેકચંદ મુળચદ.
૧—૩ શા. હીરાચંદ મોહનચંદ.
૧—૩ શા. પ્રેમચંદ વીરપાળ.
૧—૩ શા. પ્રેમચંદ કરસનદાસ.
૧—૩ શા. માણેકચંદ કપુરચંદ.
૧—૩ શા. છગનલાલ દુલભદાસ
૧—૩ શા. ઈંદિરજી લાલજી.
૧—૩ શા. લાલભાઈ નથુભાઈ.
૪-૧૨ શા. ગીગા લાલા.
૧—૩ શા. નગીદાસ વગળચંદ.
૧—૩ શા. ઝવેરચંદ ડાહ્યાભાઈ.
૧—૩ શેઠ. માણેકચંદ મુળચંદ.

For Private And Personal Use Only